# બાયડ શહેર ભાજપના વિવિધ મોરચાના હોદ્દેદારોની નિયુક્તિ, કાર્યકરોમાં ખુશાલી

## કિસાન મોરચો રવચંદભાઈ પટેલ, બક્ષીપંચ મોરચો અતુલભાઈ પ્રજાપતિ, મહિલા મોરચો જીજ્ઞાશાબેન પંચાલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ તરીકે ઘનશ્યામભાઈ જી. પટેલ(દાદા)ની નિયુક્તિ થયા પછી શહેર સંગઠનના વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીની નિયુક્ત કરવામાં આવી છે. તમામ સમાજને સંગઠનમાં સ્થાન અપાતાં કાર્યકરોમાં ખુશાલી જોવા મળી. બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ તરીકે જીજ્ઞાશાબેન પંચાલ, મહામંત્રી પુષ્પાબેન પટેલ, બાયડ શહેર ભાજપ અનુ.જાતિ મોરચા પ્રમુખ મેહૂલ કાળા ભાઈ સોલંકી, અનુ.જનજાતિ મોરચા પ્રમુખ મનુભાઈ વસાવા, લઘુમતી મોરચા પ્રમુખ અબીબખાન બલોચની નિયુક્તિ કરવામાં આવી છે.



નવા વર્ષના આરંભે યોજાયેલી બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતદારોએ ભાજપને ખોબલા ભરીને મત આપતાં પ્રચંડ બહુમતીથી ભાજપ પાલિકામાં સત્તામાં આવ્યું. ત્યારબાદ છેલ્લા કેટલાક સમયથી બાયડ શહેર ભાજપ સંગઠનમાં નવા હોદ્દેદારોની નિયુક્તિ માટે પ્રદેશ કક્ષાએથી મળેલા નિર્દેષ અનુસાર જિલ્લા ભાજપ સંગઠન દ્વારા બાયડ શહેર ભાજપ પ્રમુખ તેમજ અન્ય મોરચાના પ્રમુખ-મહામંત્રીની નિયુક્તિ માટે પરામર્શ ચાલતી હતી. ગત રોજ બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ દ્વારા જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્રકુમાર જે. પટેલના અનુમોદનથી શહેરના વિવિધ મોરચાના હોદ્દેદારોની નિયુક્તિ જાહેર કરવામાં આવી છે. નવા નિયુક્ત થયેલા હોદ્દેદારોએ શહેરમાં ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ વર્ષ-૨૦૨૨ ની ચૂંટણીમાં બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપનો ભગવો લહેરાય તે રીતે લોકઉપયોગી કાર્યો અને સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા સંકલ્પ કર્યો હતો.

### બાયડ શહેર મંડલ મોરચાના હોદ્દેદારો...

**કિસાન મોરચો** : પ્રમુખ : રવચંદભાઈ મગનભાઈ પટેલ, મહામંત્રી : ધનરાજ બાબુભાઈ પટેલ

**બક્ષીપંચ મોરચો** : પ્રમુખ : અતુલભાઈ બાબુભાઈ પ્રજાપતિ, મહામંત્રી : વિશાલકુમાર જ્યંતિભાઈ પટેલ

**લઘુમતી મોરચો** : પ્રમુખ : અબીબખાન અહેમદખાન બલોચ, મહામંત્રી : ફિરોજઅલી નબીમીયા સૈયદ

**મહિલા મોરચો** : પ્રમુખ : જીજ્ઞાશાબેન કૌશિકભાઈ પંચાલ, મહામંત્રી : પુષ્પાબેન નિતીનભાઈ પટેલ

**અનુ.જનજાતિ મોરચો** : પ્રમુખ : મનુભાઈ મંગળભાઈ વસાવા, મહામંત્રી : હિતેષભાઈ ગીરધરભાઈ વસાવા

**અનુ.જાતિ મોરચો** : પ્રમુખ : મેહૂલકુમાર કાળાભાઈ સોલંકી, મહામંત્રી : મેહૂલકુમાર અમૃતભાઈ સોલંકી

# ચોમાસુ ઘોંચમાં : ઉત્તર ગુજરાતના ૯ લાખ ખેડૂતોના જીવ અદ્ધર, બિયારણ નિષ્ફળ જવાનો ભય


## દરરોજ બપોર થતાં કાળઝાળ ગરમીથી પ્રજા પરેશાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ દેશના કેટલાક રાજ્યોમાં ચોમાસુ ઘોંચમાં પડ્યું છે. હવામાન વિભાગે પણ તે વાતને સ્વીકારી છે જેના કારણે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૯ લાખથી વધુ ખેડૂતોના જીવ અદ્ધર થયા છે. કોરોનાના કપરા કાળમાંથી બહાર આવેલા ખેડૂતોએ વ્યાજે પૈસા લાવી ખાતર-બિયારણ ખરીદ્યા અને ઓણસાલ સારો વરસાદ થશે, સારી પાક ઉપજ મેળવીશું તેવી અપેક્ષાએ મે. મહિનાના અંતથી વાવણી શરૂ કરી પરંતુ ચોમાસાએ હાથતાળી આપતાં બિયારણ નિષ્ફળ જવાનો ભય હાવિ થયો છે.

### વરસાદ ખેંચાયો : કપાસ, તુવેર, મકાઈના વાવેતર ઉપર સંકટ..

બાયડ : ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં વાવણીલાયક વરસાદ પછી ખેડૂતોએ લાખો હેક્ટર જમીનમાં કપાસ, તુવેર, મકાઈ સહિતના પાકનું વાવેતર કર્યું હતું પરંતુ ૪૭ તાલુકા પૈકી માંડ જૂજ તાલુકાઓમાં જ ઝરમરીયો તેમજ અડધો ઈંચ વરસાદ પાછલા ૨૪ કલાક દરમ્યાન વરસ્યો છે. ભરચોમાસે ગરમીનું પ્રમાણ વધ્યું છે અને આગામી એક પખવાડીયા સુધી વરસાદ ઘોંચમાં પડે તેવી શક્યતા છે જેના કારણે ખેડૂતોનું મહામુલું બિયારણ નિષ્ફળ જશે અને ખેડૂતો પાયમાલ થઈ જાય તેવો ભય સેવાઈ રહ્યો છે.

ઉત્તર ગુજરાતની પ્રજા ખેતી અને પશુપાલનના વ્યવસાય ઉપર નભે છે. ઉત્તર ગુજરાતમાં દર વર્ષે ચોમાસા દરમ્યાન ૧૪ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ચોમાસુ ખેતીનું વાવેતર થાય છે. આ વર્ષે



તાઉતે વાવાઝોડાના કારણે અનેક વિસ્તારોમાં ૧ થી ૫ ઈંચ વરસાદ વરસ્યો અને ત્યાર પછી જૂન મહિનામાં વરસેલા સારા વરસાદથી ખેડૂતો હરખાયા અને વાવણી કાર્ય આરંભાયું. લાખો હેક્ટર જમીનમાં વાવણી કાર્ય સંપન્ન થયું પરંતુ છેલ્લા ૧૨ દિવસથી વરસાદે ડોળા કાઢ્યાની સ્થિતિ છે. દક્ષિણ-પશ્ચિમ તેમજ ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ચોમાસાનું આગમન તો થયું પરંતુ તેની આગળ વધવાની ઝડપ થંભી ગઈ છે. જેથી ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં તેની માઠી અસર થવાથી દહેશત છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ક્યાંક ધીમીધારે વરસાદ વરસ્યો જેથી મૂરઝાતી ખેતીને ૨-૫ દિવસનું જીવતદાન મળ્યું પરંતુ જ્યાં સુધી અનરાધાર વરસાદ નહીં વરસે ત્યાં સુધી ચોમાસુ ખેતીને બચાવવી ખેડૂતો માટે મુશ્કેલ છે. વરસાદ ખેંચાયાના સંકેત મળતાં અનેક ખેડૂતોએ ઘરેલું સિંચાઈથી પાણી આપવાની શરૂઆત કરી છે. કૃષિ તજજ્ઞોએ પણ ચોમાસુ ઘોંચમાં પડતાં ખેતીના વ્યવસાયને માઠી અસર પહોંચવાની સંદેહના વ્યક્ત કરી છે. છેલ્લા ૨ દિવસથી તાપમાનનો પારો ૩૯ ડિગ્રીને આંબી ગયો છે અને વરસાદે હાથતાળી આપતાં આવી સ્થિતિ એકાદ અઠવાડીયું રહે તો જમીનમાં ધરબેલું બિયારણ નિષ્ફળ જવાનો ભય ખેડૂતોએ વ્યક્ત કર્યો છે.

### વરસાદની ખેંચ કૃષિ વિષયક વિજ પુરવઠો વધારવાની ખેડૂતોની માંગ..

બાયડ : વરસાદ ખેંચાતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં ખેડૂતો ચિંતિત બન્યા છે. કેટલાક તાલુકાઓમાં ખેડૂત સંગઠનો દ્વારા કૃષિ વિષયક વિજ પુરવઠો વધારવાની માંગ કરી છે જેથી ખેડૂતો ઘરેલું સિંચાઈથી મૂરઝાતી ચોમાસુ ખેતીને બચાવી શકે. હવામાન વિભાગે ચોમાસુ ઘોંચમાં પડ્યાની આગાહી કરી છે અને હવે માત્ર કુદરત ખેડૂતો માટે એક ચમત્કાર સર્જે તો જ ખેડૂતોનું મોંઘુદાટ બિયારણ બચાવી શકાય.

# મોડાસાના નવા ગામમાં સરપંચના ઘરમાં તસ્કરીનો પ્રયાસ, મદારી ટોળકી ઝડપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ મોડાસા તાલુકાના નવા ગામમાં રહેતા દાવલી ગ્રામ પંચાયતના સરપંચ જયેશભાઈ ચૌધરીના ઘરમાં તસ્કરી કરવાનો પ્રયાસ કરનારા મદારી ઈસમો ઝડપાતાં સનસનાટી મચી ગઈ છે. દાવલીમાં મદારીના ડેરામાંથી શકમંદોને ઓળખી કાઢી તેમની પૂછપરછ શરૂ થઈ છે. તપાસ દરમ્યાન કેટલીક તસ્કરીના ભેદ પણ ઉકેલાઈ શકે છે પરંતુ તેમાં પોલીસને રસ હોવો જોઈએ.

જિલ્લાના શહેરી પછી ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો પરંતુ તસ્કરીના ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ જઈ રહી છે અને હવે તસ્કરોને શોધવા પ્રજાએ સ્વયં જાગ્રત થવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. જાણવા મળ્યા મુજબ મોડાસા તાલુકાના નવા ગામમાં છેલ્લા ૨ દિવસથી કેટલાક ઈસમોની શંકાસ્પદ હરકત જોવા મળી. ગ્રામ પંચાયત સરપંચ જયેશભાઈ ચૌધરીના મકાનમાં ચોરીનો પ્રયાસ થયો અને હોબાળો મચી ગયો અનેક યુવાનો દોડી આવ્યા અને બેટરીથી પ્રકાશ ફેંકતાં ઘરમાં ઘૂસેલા કેટલાક ઈસમો પૈકી કેટલાકના ચહેરા જોવા મળ્યા ત્યાર પછી ચોરીના ઈરાદે આવેલા ઈસમો નાસી છૂટ્યા ગામના ચકોર યુવાનોએ સરપંચના ઘરમાં ચોરી કરવાની હિંમત કરનારાને શોધવા માટે પ્રયાસ આદર્યા અને દાવલીમાં મદારીના જે ડેરા હતા ત્યાં તપાસ કરતાં સરપંચના ઘરમાં ઘૂસેલો શકમંદ જોવા મળતાં તેને પૂછપરછ માટે લાવવામાં આવ્યો. મદારીના વેશમાં તસ્કરોએ હવે નવી કળા અપનાવતાં અન્ય સાચા મદારીઓ પણ લોક રોષનો ભોગ બની રોજગારી ગુમાવે તેવો ડર હાવિ થઈ ગયો છે.

# બાયડ તાલુકાના રડોદરામાં ઘરેલું કંકાસમાં પત્નિની હત્યા, હત્યારા પતિને લોકઅપમાં ધકેલાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ બાયડ તાલુકાના રડોદરાની ઈન્દિરાનગર વસાહતમાં પતિ-પત્નિ વચ્ચે ચાલતા ઘરકંકાસે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં જનૂની પતિએ લાકડીઓના ઘા ઝીંકી પત્નિને મોતને ઘાટ ઉતારતાં સનસનાટી મચી ગઈ છે. રડોદરામાં મહિલાની હત્યાની ઘટના સામે આવતાં પોલીસ અધિકારીઓ દોડતા થયા હતા. પોલીસે હત્યારા પતિ રાજુ બબાજી વસાવાની અટકાયત કરી લોકઅપમાં ધકેલી દીધો છે. ઘરકંકાસના કારણે થયેલી હત્યામાં ૬ સંતાનોએ માતાનું છત્ર ગુમાવતાં ખુદ પોલીસ પણ આવું દ્રશ્ય જોઈ રડમસ બની ગઈ હતી.

### ૬ સંતાનોએ માતાનું છત્ર ગુમાવ્યું, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ

જિલ્લામાં અનલોક પછી તકરાર અને હુમલાના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. સામાન્ય બોલાચાલીમાં પણ ખૂની હુમલા નોંધાઈ રહ્યા છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર બાયડના રડોદરાની ઈન્દીરાનગર વસાહતમાં રહી ખેત મજૂરી કરતા રાજુ વસાવા અને તેની પત્નિ તારાબેન વચ્ચે છેલ્લા કેટલાય સમયથી કોઈને કોઈ મુદ્દે બોલાચાલી થતી હતી. એક રીતે ઘરમાં કંકાસનું પ્રમાણ વધ્યું હતું. ગત રોજ રાત્રે પતિ-પત્નિ વચ્ચે બોલાચાલી થયા પછી મામલો ઉગ્ર બન્યો અને જનૂની રાજુ વસાવાએ તેની પત્નિને



લાકડીઓ વડે બેરહેમીથી માર મારતાં ગંભીર ઈજાના કારણે તેનું મોત નિપજ્યું હતું. ઈન્દીરાનગર વસાહતમાં પતિએ પત્નિની હત્યા કર્યાની વિગતો બહાર આવતાં લોકટોળાં એકઠાં થયાં હતાં બનાવ અંગે સવિતાબેન ગણપતભાઈ વસાવા (રહે.કડીયાદરા, તા.ઈડર)એ બાયડ પોલીસને જાણ કરતાં પોલીસે હત્યારા રાજુ વસાવાને દબોચી લઈ લોકઅપમાં ધકેલી દીધો છે.

### માતા ફસડાઈ પડી : નાનાં બાળકો જોતાં રહ્યાં

બાયડ : તાલુકાના રડોદરામાં પતિ-પત્નિ વચ્ચે કંકાસ થયો અને આવેશમાં આવેલા પતિએ લાકડીઓના ફટકા મારી પત્નિને મોતને ઘાટ ઉતારી દીધી. ક્ષણિક આક્રોશમાં હર્યો ભર્યો ઘરસંસાર ઉજળી ગયો. જ્યારે મૃતકને ૬ સંતાનો હતા જેમાંના ૨ નાનાં સંતાન માતા ફસડાઈ પડી તેને જોતાં રહ્યાં. રવિવાર સવારે મહિલાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે લાવવામાં આવ્યો હતો જ્યાં શરીર ઉપર ગંભીર ઈજાઓ જોવા મળી હતી.

# તલોદના દોલતાબાદ ગામની મહિલાઓની લોન પાસ કરવાનું કહીને ધિરાણ મેળવી છેતરપિંડી આચરવામાં આવી

## સખી મંડળ પાસેથી ૪.૧૦ લાખની લોન લેવામાં આવી હતી : તલોદમાં સખી મંડળ સાથે છેતરપિંડી, પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધી

તલોદ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દોલતાબાદ ગામે મહિલાઓની સખી મંડળની રકમની છેતરપિંડી આચર્યાનું સામે આવ્યુ છે. દોલતાબાદ ગામની મહિલાઓની લોન પાસ કરવાનું કહીને ધિરાણ મેળવી છેતરપિંડી આચરવામાં આવી છે. આરોપી બાબુભાઈ ચાવડાએ ગામની કેટલીક મહિલાઓની પાસે મહિલા ઉતકર્ષ અને વિકાસ સખી મંડળની સ્થાપના કરાવી હતી. જે સખી મંડળ હેઠળ મળવા પાત્ર અલગ અલગ હેતુની લોન પાસ કરવા માટે બાબુભાઈ ચાવડાએ સખી મંડળના ચેક મેળવ્યા હતા. જે ચેક આધારે ધિરાણ મેળવીને તેની રકમ ૪.૧૦ લાખ રુપિયા બારોબર ઉપાડી લઈ મહિલાઓને આપ્યા નહોતા. આમ મહિલાઓ માટેની ધિરાણની રકમ જ ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી. જેને લઈ છેતરપિંડી આચરનાર બાબુલાલ ચાવડા વિરુદ્ધ તલોદ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

# સ્વામી વિવેકાનંદનો સ્મૃતિ દિવસ વૃક્ષારોપણ કરીને ઉજવ્યો

ધનસુરા, તા. ૪ અરવલ્લીના ધનસુરા તાલુકાના ખીલોડિયા ગામે ૪ જુલાઈને રવિવારે યુવાનોના આદર્શ સ્વામી વિવેકાનંદની પુણ્યતિથીની ઉજવણી વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવી.પ્રાપ્ત વિગતો મુજબ જન જાગૃતિ કેળવણી મંડળે આ વર્ષે અરવલ્લીના બાયડ,ધનસુરા અને મોડાસા તાલુકામાં ૧૧૧૧ વૃક્ષો વાવવાનું અભિયાન હાથ ધર્યુ છે.જેમાં વધુમાં વધુ યુવાનો જોડાય એવા શુભ આશયથી મંડળના પ્રમુખ ડો.એચ.કે.સોલંકીએ યુવાનોના આદર્શ સ્વામી વિવેવેકાનંદના સ્મૃતિ દિવસથી શરૂઆત કરીને ૫૧ વૃક્ષો વાવીને યુવાનોને વૃક્ષારોપણ કરવા આહવાન કર્યું હતું.આ પ્રસંગે ગામના સોમાભાઈ પી.પરમારે હાજર રહીને ખીલોડિયામાં ઓક્સિજનના અભાવે કોરોના સામે જિંદગીનો જંગ હરિ ગયેલા સ્વ.રતીલાલના ધર્મપત્ની ગં. સ્વ.સ્વીતાબેનના હસ્તે ઓક્સિજન માટે વૃક્ષારોપણ એ જ જીવન અંતર્ગત વૃક્ષારોપણ કરાવ્યું હતું. કોરોનાની મહામારીમાં ઓક્સિજનના અભાવે કેટલીય જીન્દગીઓ હોમાઈ ગઈ છે ત્યારે રોહિત સમાજની બહેનોએ યુવાનોના આદર્શ સ્વામી વિવેકાનંદની યાદમાં વૃક્ષો વાવી એને જળવવાના સંકલ્પ લઈ યુવાનોને પ્રેરણા પુરી પાડી હતી.



# ધનસુરા બાયડ રોડ પર સુથારીકંપા પાસે અકસ્માતમાં એક યુવકનું મોત

### અજાણ્યા વાહનની ટક્કરે મોડાસા તાલુકાના બોલુંદ્રાના યુવકનું મોત

ધનસુરા, તા. ૫ ધનસુરા બાયડ રોડ પર સુથારીકંપા પાસે અકસ્માતમાં એક યુવકનું મોત થયું હતું અજાણ્યા વાહનની ટક્કરે મોડાસા તાલુકા ના બોલુંદ્રા ગામના યુવક નું મોત થયુ હતુ બોલુંદ્રા ના વતની અર્પિતભાઈ ચીમનભાઈ પટેલ બાયડ તાલુકા પંચાયતમાં કોન્ટ્રાક્ટ બેઝ પર બે વર્ષ થી નોકરી કરતા હતા તેઓ તારીખ ૩-૦૭-૨૦૨૧ના રોજ સવારે પોતાની બાઈક લઈ નોકરી ગયા હતા સાંજે ૧૧ વાગ્યાની આસપાસ તેઓ બોલુંદ્રા જઈ રહ્યા હતા ત્યારે ધનસુરાના સુથારી કંપા પાસે અજાણ્યા વાહનની ટક્કરે અકસ્માત થયો હતો જેમાં તેઓને શરીરે માથામાં મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અકસ્માત બાદ અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો અકસ્માત બાદ તેઓને તાત્કાલિક વાત્રક હોસ્પિટલ માં લઈ જવામાં આવ્યા હતા પણ ગંભીર ઈજાઓના કારણે તેમનું મોત થયું હતું જેને લઈ હાર્દિકભાઈ પટેલ એ ધનસુરા પોલીસ સ્ટેશને અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ફરિયાદ કરી હતી જેને લઈ ધનસુરા પોલીસે આગળ તપાસ હાથ ધરી હતી.

## જન્મદિને વધામણી



હર્ષ હાર્દિકકુમાર સોલંકી
બાયડ



શૌર્ય હાર્દિકકુમાર પટેલ
રડોદરા, તા.બાયડ



ટપુભાઈ ભરતભાઈ પટેલ
(વિનાયક મેડીકલ સ્ટોર્સ)
બાયડ, જિ.અરવલ્લી



વિજયભાઈ કે. શાહ
(પ્રા.શિક્ષક)
આકરૂન્દ, તા.ધનસુરા



દેવાભાઈ બી. દેસાઈ
વાત્રક, તા.બાયડ



જીતેન્દ્રકુમાર આર. પટેલ
(કારોબારી અધ્યક્ષ : અરવલ્લી જિલ્લા પંચાયત)
ગાબટ, તા.બાયડ



કિંજલબેન પંકજભાઈ પટેલ
(ઉમિયાનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કમલેશ એસ નાયી
નેત્રામલી, (ઈડર)